### વિકાસ પહેલા વેરા વધારતા લોકો નગર પાલિકાના વહીવટ થી નારાજ

## બોડેલી નગરપાલિકાના સૂચિત વેરા વધારા સામે નાગરિકોમાં રોષ, જાહેર સુનાવણીની ઉઠી માંગ

(પ્રતિનિધિ) બોડેલી, તા.18

બોડેલી નગરપાલિકા દ્વારા જાહેર કરાયેલા સૂચિત વેરા વધારાની દરખાસ્ત સામે સ્થાનિક રહેવાસીઓ અને કરદાતાઓએ સખત વિરોધ નોંધાવી જાહેર નોટિસ પરત ખેંચવાની માંગ કરી છે. નાગરિકોએ રજૂઆતમાં જણાવ્યું છે કે પૂરતી નાગરિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવ્યા વિના વેરામાં ભારે વધારો કરવો જનહિત વિરુદ્ધ છે. નાગરિકોના જણાવ્યા મુજબ બોડેલીને પાંચ ગ્રામ પંચાયતોને ભેગી કરીને નગરપાલિકાનો દરજ્જો આપવામાં આવ્યો છે અને સરકાર દ્વારા પાણી, ગટર, સફાઈ

તથા સ્ટ્રીટ લાઈટ જેવી મૂળભૂત સુવિધાઓ માટે અનુદાન પણ ફાળવવામાં આવે છે. તેમ છતાં અનેક વિસ્તારોમાં હજુ સુધી જરૂરી સુવિધાઓનો અભાવ જોવા મળે છે. રજૂઆતમાં જણાવાયું છે કે રહેણાંક પાણી વેરો અગાઉ આશરે રૂ. 250 હતો, જેને વધારી રૂ. 800 કરવાનો પ્રસ્તાવ સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારો માટે અસહ્ય આર્થિક બોજ સમાન છે. ઉપરાંત વરસાદી પાણીના ભરાવા, ગટર વ્યવસ્થાની અછત, ખરાબ રસ્તાઓ અને પીવાના પાણી જેવી સમસ્યાઓ યથાવત હોવા છતાં સમગ્ર નગરમાં એકસરખો વેરો લાગુ કરવાનો નિર્ણય અન્યાયી હોવાનું નાગરિકોએ જણાવ્યું છે. નાગરિકોએ રજાનગર, દીવાન ફળિયું, વર્ધમાન નગર, કુંભારવાડા, ધાણકાવાડ, નદી ફળિયું, જૂની બોડેલી, ઓરસંગ નદી કાંઠો, ઝાંખરપુરા, ચારોલા, ચાચક તથા અલીપુરાના સ્લમ વિસ્તારો માટે વિકાસના સ્તરને ધ્યાનમાં રાખીને અલગ રાહત દરનો સ્લેબ નક્કી કરવાની માંગ કરી છે. વધુમાં વડોદરા મહાનગરપાલિકા તથા નજીકની અન્ય નગરપાલિકાઓની તુલનામાં બોડેલીમાં હજુ પણ મૂળભૂત સુવિધાઓ અધૂરી હોવાથી સમકક્ષ વેરા દરો લાગુ કરવાનું યોગ્ય નથી તેવી દલીલ પણ રજૂ કરવામાં આવી છે. રજૂઆતના અંતે નાગરિકોએ તમામ સૂચિત વેરા દરોનો પુનર્વિચાર કરવા, પાણી વેરામાં કરાયેલા ત્રણ ગણાથી વધુ વધારાને પરત ખેંચવા, વિસ્તારવાર વેરા માળખું અમલમાં મૂકવા તેમજ જાહેર સુનાવણી યોજી નાગરિકોના વાંધા અને સૂચનો રૂબરૂ સાંભળવાની દૃઢ માંગણી કરી છે.

### જાહેરનામાનો ભંગ, કાલોલની સેન્ડવીચ હોટલના સંચાલક વિરુદ્ધ પોલીસ ફરિયાદ

કાલોલ : કાલોલ નગરમાં જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાના ઉલ્લંઘન બદલ એક હોટલ સંચાલક સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. ડેરોલ સ્ટેશન રોડ પર આવેલી સેન્ડવીચ હોટલમાં સીસીટીવી (CCTV) કેમેરા ન લગાવવા બદલ હોટલના સંચાલકની ધરપકડ કરવામાં આવી છે.પ્રાપ્ત વિગતો અનુસાર, કાલોલ પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ અને પોલીસ સ્ટાફ ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન હોટલો અને ઢાબાઓમાં સીસીટીવી કેમેરા લગાવવા અંગેના નિયમોની તપાસ હાથ ધરવામાં આવી હતી પોલીસ સ્ટાફે પંચોને સાથે રાખીને ડેરોલ સ્ટેશન રોડ પર આવેલી 'કુમાર સેન્ડવીચ હોટલ' પર તપાસ હાથ ધરી દંડનીય કાર્યવાહી શરૂ કરી હતી.

### લીમખેડાના મોટા હાથીધરા ગામે તળાવ ફળિયામાં ધીંગાણું

## ડભોઈના ધારાસભ્યની વડોદરા મધ્યસ્થ જેલ સલાહકાર સમિતિમાં બિન સરકારી સભ્ય તરીકે નિયુક્તિ

**વાયુવેગે** સમાચાર વહેતા થતાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે અભિનંદનની વર્ષા થઇ હતી

(પ્રતિનિધિ) ડભોઇ, તા.18

રાજ્ય સરકારના ગૃહ વિભાગ ના આદેશ મુજબ વડોદરા મધ્યસ્થ જેલ સુપ્રિટેન્ડન્ટ ધ્વારા જેલ સલાહકાર સમિતિ માં સભ્ય તરીકે ધારાસભ્ય શૈલેષભાઈ મહેતાની નિયુક્તિ કરાઈ છે.ત્યારે તેઓની નિયુક્તિ થી ભાજપ ના હોદ્દેદારો, કાર્યકરો, મિત્રો અને હિન્દુ મુસ્લિમ અગ્રણીઓ ધ્વારા અભિનંદન ની વર્ષા

થવા પામી હતી. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા 2023 ની કલમ - 473 મુજબ જેલ માં આજીવન કેદ ની સજા ભોગવતા કેદીઓ,પાકા કામ ના કેદીઓ ની સારી વર્તણૂક અને વ્યવહાર,ચાલચલગત ને ધ્યાન માં રાખી વહેલી મુક્તિ અંગેની સંવેદનશીલ,વહીવટી અને કાયદાકીય પ્રક્રિયાઓ માટે જિલ્લા કલેક્ટર ની અધ્યક્ષતા હેઠળ જેલ સલાહકાર સમિતિ ની બેઠક યોજાતી હોય છે. જેમા બિન સરકારી સભ્ય,સામાજિક કાર્યકરો ની નિયુક્તિ કરવામાં આવે છે.ત્યારે દીર્ઘદ્રષ્ટિ ધરાવતા, અનુભવી નેતા ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા ન્યાયપૂર્ણ અને શ્રેષ્ઠ નિર્ણયો લેવામાં સક્ષમ હોય રાજ્ય સરકાર ના ગૃહ વિભાગ ના આદેશ થી વડોદરા જિલ્લા મધ્યસ્થ જેલ ના સુપ્રિટેન્ડન્ટ ઉષા રાડા ધ્વારા તેઓની નિયુક્તિ કરતો પત્ર પાઠવતા આનંદ ની લાગણી વ્યાપી જવા પામી હતી.અને અભિનંદન ની વર્ષા થવા પામી હતી.

### નવા ઓરડાના બાંધકામમાં વિલંબ કેમ? લોકચર્ચા

## નવાગામ પ્રાથમિક શાળાના જર્જરિત બે ઓરડા તોડવાની કામગીરી અધૂરી

(પ્રતિનિધિ) નસવાડી, તા.18

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના નવાગામ પ્રાથમિક શાળાના બે જર્જરિત ઓરડા તોડવા માટે શાળાના આચાર્ય દ્વારા જાહેર હરાજી યોજવામાં આવી હતી. હરાજીમાં નસવાડી તેમજ અન્ય તાલુકાના વેપારીઓએ ભાગ લીધો હતો. અંતે નવાગામના બે સ્થાનિક વેપારીઓએ રૂ. 34,500ની બોલી લગાવી ઓરડા તોડવાનો કોન્ટ્રાક્ટ મેળવ્યો હતો. હરાજીની શરતો મુજબ કોન્ટ્રાક્ટ મેળવનાર વેપારીઓએ એક મહિનાની અંદર બંને ઓરડાનું સંપૂર્ણ સ્ટ્રક્ચર તોડી કાટમાળ દૂર કરી સ્થળ ખાલી કરવાનું હતું. જો સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ ન થાય તો

ડિપોઝિટ જપ્ત કરવાની જોગવાઈ પણ રાખવામાં આવી હતી. પરંતુ હાલ સ્થિતિ એવી છે કે ઓરડાની છતના પતરા અને દરવાજા કાઢી લઈ જવામાં આવ્યા હોવા છતાં ઈંટોની દિવાલો સહિતનું બાકીનું સ્ટ્રક્ચર હજુ સુધી યથાવત્ છે. પરિણામે જર્જરિત ઓરડા સંપૂર્ણપણે દૂર ન થતાં નવા ઓરડાના બાંધકામની કામગીરી શરૂ થઈ શકી નથી. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ હરાજીની શરતોનું પાલન ન કરનાર વેપારીઓ સામે હજુ સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. જેના કારણે સમગ્ર મામલે અનેક સવાલો ઉભા થયા છે. શિક્ષણ વિભાગ દ્વારા હરાજીની શરતોનો અમલ કરાવવામાં આવ્યો કે નહીં અને જવાબદાર વેપારીઓ સામે શું કાર્યવાહી કરવામાં આવી છે તે અંગે પણ સ્પષ્ટતા થવી જરૂરી હોવાનું લોકોનું માનવું છે.

### જબુગામ આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે કાર્યક્રમ યોજાયો

## પશુપાલન અને દૂધની મૂલ્યવર્ધિત ઉત્પાદનો અંગે તાલીમ શિબિર યોજાઈ

(પ્રતિનિધિ) બોડેલી, તા.18

તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, જબુગામ તથા ડેરી વિજ્ઞાન કેન્દ્ર, છોટાઉદેપુરના સંયુક્ત સહયોગથી "પશુપાલન અને દૂધની મૂલ્યવર્ધિત ઉત્પાદનોની બનાવટ" વિષય પર એક દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કુલ 43 બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈ પશુપાલન અને ડેરી આધારિત સ્વરોજગાર અંગે ઉપયોગી માહિતી મેળવી હતી. કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડો. જે.બી. પટેલે ખેતી સાથે પશુપાલનને પૂરક વ્યવસાય તરીકે અપનાવી ખેડૂતો પોતાની આવકમાં વધારો કેવી રીતે કરી શકે તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા પશુપાલન નિયામક

ડો. વી.કે. ગરાસીયાએ પશુપાલન વિભાગ દ્વારા અમલમાં મુકાતી વિવિધ સરકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી. તાલીમ દરમિયાન ડેરી વિજ્ઞાન કેન્દ્રના ડો. સ્મિતા બાલકૃષ્ણ અને ઉર્મિલા પરમારે લસ્સી બનાવવાની પદ્ધતિ અંગે માહિતી આપી તેનું જીવંત નિદર્શન કરી બહેનોને પ્રાયોગિક તાલીમ આપી હતી. ઉપરાંત ડો. રિઝવાન ગાસુરાએ પશુઓના રોગ નિયંત્રણ, આરોગ્ય સંભાળ તેમજ સમયસર રસીકરણના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

### માઇનસ તાપમાન, બરફવર્ષા અને ઓક્સિજનની અછત વચ્ચે ૧૯,૦૨૪ ફૂટની ઊંચાઈએ પહોંચ્યા

## લીમડીના સી.એ. સંજય દેવડિયાએ બાઈક પર વિશ્વનો સૌથી ઊંચો 'ઉમલિંગ લા પાસ' સર કર્યો

દાહોદ જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી નરેન્દ્ર સોનીએ લીમડી ગામ વતી પાઠવ્યા અભિનંદન

(પ્રતિનિધિ) દાહોદ, તા.18

મજબૂત મનોબળ, દૃઢ સંકલ્પ અને અદમ્ય સાહસના બળ પર કોઈપણ મુશ્કેલ લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે, તે લીમડી ગામના વતની અને જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સી.એ.) સંજય દેવડિયા (હાલ અમદાવાદ) એ સાબિત કરી બતાવ્યું છે. તેમણે તાજેતરમાં જ મોટરસાયકલ દ્વારા લદ્દાખ સ્થિત વિશ્વના સૌથી ઊંચા મોટરેબલ રોડ 'ઉમલિંગ લા પાસ'

(૧૯,૦૨૪ ફૂટ) પર સફળતાપૂર્વક પહોંચીને લીમડી ગામનું નામ રોશન કર્યું છે.સી.એ. સંજય દેવડિયાની આ સફર પડકારોથી ભરેલી અને અત્યંત રોમાંચક રહી હતી. પ્રવાસ દરમિયાન માઇનસ તાપમાન, સતત વરસાદ, અનેક સ્થળોએ ભારે બરફવર્ષા, અત્યંત જોખમી પથરાળ રસ્તાઓ અને ઓક્સિજનની ભારે અછત જેવી પ્રતિકૂળ પરિસ્થિતિઓનો તેમણે સામનો કરવો પડ્યો હતો. આ તમામ અસંખ્ય મુશ્કેલીઓ અને કપરા હવામાન વચ્ચે પણ હાર માન્યા વગર, પોતાના આત્મવિશ્વાસના જોરે તેમણે આ ઐતિહાસિક સિદ્ધિ હાસલ કરી છે. તેમની આ સફળતા યુવાનો માટે એક જીવંત પ્રેરણાદાયી ગાથા સમાન છે.લીમડી ગામના પનોતા પુત્રની આ અદભુત ઉપલબ્ધિ બદલ દાહોદ જિલ્લા ભાજપના પૂર્વ મહા મંત્રી નરેન્દ્ર સોનીએ સમગ્ર ગામ વતી ગૌરવની લાગણી વ્યક્ત કરી છે. તેમણે સી.એ. સંજય દેવડિયાને આ અનોખી સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા છે અને તેમના આગામી જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ થાય તેમજ તેમનું સ્વાસ્થ્ય હંમેશા સુખમય રહે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી છે.

### વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો

## ગોધરાની સેંટ આર્નોલ્ડ સ્કૂલમાં ભવ્ય ચેસ સ્પર્ધા યોજાઈ

(પ્રતિનિધિ) ગોધરા, તા.18

ગોધરાની સેંટ આર્નોલ્ડ સ્કૂલમાં બાળકોના બૌદ્ધિક વિકાસને પ્રોત્સાહન આપવાના હેતુથી ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લઈને અભ્યાસની સાથે-સાથે રમતગમત ક્ષેત્રે પણ પોતાની અદભુત બૌદ્ધિક પ્રતિભાનો પરિચય કરાવ્યો હતો. વિદ્યાર્થીઓ માટે યોજાયેલી આ સ્પર્ધાને ઉંમરના આધારે અંડર-૧૦, અંડર-૧૪ અને અંડર-૧૭ એમ ત્રણ વિવિધ કેટેગરીમાં વહેંચવામાં આવી હતી. આ સ્પર્ધામાં શાળાના ૧૨૫ થી વધુ વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓએ ભારે ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. ખાસ કરીને અંડર-૧૪ કેટેગરીમાં

ભાગ લેનાર વિદ્યાર્થીઓમાં રમત પ્રત્યેનો અદભુત રોમાંચ અને આકર્ષણ જોવા મળ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે જાણીતા ચેસ નિષ્ણાત હસીન સૈયદ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના પ્રેરક વક્તવ્ય દ્વારા બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા અને ચેસની રમતમાં આગળ વધવા જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. નિષ્ણાતના માર્ગદર્શનથી વિદ્યાર્થીઓએ ભવિષ્યમાં ચેસ માસ્ટર બનવાની નવી પ્રેરણા મેળવી હતી.

### લીમખેડાના મોટા હાથીધરા ગામે તળાવ ફળિયામાં ધીંગાણું : ૧૫ સામે ગુનો

(પ્રતિનિધિ) દાહોદ, તા.18

લીમખેડા તાલુકાના મોટા હાથીધરા ગામે રહેતા રાવત કુટુંબના ચિરાગભાઈ મનુભાઈ, રોહિતભાઈ દિનેશભાઈ, રાજેશ ઉર્ફે બોડો લાલાભાઈ, કનુભાઈ મડીયાભાઈ, નિલેશભાઈ કનુભાઈ, વિનેશભાઈ બાબુભાઈ, લાલુભાઈ રાજુભાઈ, મુકેશભાઈ તેરસિંગભાઈ, રોહિત ભાઈ હીરાસિંગ હઠીલા, સિંગવડ તાલુકાના હિરાપુર ગામના દીપ ભાઈ કિશોરી તથા બીજા અજાણ્યા ચારથી પાંચ જેટલા ઈસમોએ એક સંપ કરી ગઈકાલે સાંજના સાડા છ વાગ્યાના સુમારે પોતાનું સામાન્ય ઈરાદો પાર પાડવા ગેરકાયદેસર મંડળી રચી લાકડી, લોખંડની પાઈપ તેમજ તલવાર જેવા મારક હથિયારો ધારણ કરી બેફામ બિભત્સ ગાળો બોલી બળવંતભાઈ વાદી પર લાકડી મારક હથિયારો વડે હુમલો કરી તેમજ ગડદાપાટુનો માર મારી ઈજાઓ પહોંચાડી હતી.

### ઓડિટોરિયમના લોકાર્પણ પ્રસંગે સાંસદ જસુભાઈ રાઠવા હાજર રહ્યા

## બોડેલીમાં શેઠ એચ.એચ. શીરોલાવાલા હાઈસ્કૂલના આધુનિક ઓડિટોરિયમનું લોકાર્પણ

(પ્રતિનિધિ) બોડેલી, તા.18

બોડેલીની અગ્રણી શિક્ષણ સંસ્થા શ્રી શેઠ એચ.એચ. શીરોલાવાલા હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થીઓને આધુનિક શૈક્ષણિક અને સાંસ્કૃતિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી સિલ્વિન એડિટિવ્સના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર પ્રદીપભાઈ ચોકસીના ઉદાર દાનથી નિર્માણ પામેલા અત્યાધુનિક ઓડિટોરિયમનું ભવ્ય લોકાર્પણ છોટાઉદેપુરના સાંસદ જસુભાઈ રાઠવાના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંખેડાના ધારાસભ્ય અભેસિંહ તડવી, જિલ્લા શિક્ષણ અધિકારી, વિવિધ શૈક્ષણિક

સંસ્થાઓના આગેવાનો, ટ્રસ્ટીઓ, દાતાશ્રીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વર્ષો સુધી શાળામાં નિષ્ઠાપૂર્વક સેવા આપનારા નિવૃત્ત શિક્ષકોને શાલ ઓઢાડી અને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. મહાનુભાવોએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે પ્રદીપભાઈ ચોકસીના શિક્ષણપ્રેમી અભિગમ અને ઉદાર દાનને કારણે આ આધુનિક ઓડિટોરિયમનું સ્વપ્ન સાકાર બન્યું છે, જે વિદ્યાર્થીઓના શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ સાબિત થશે. સાથે જ શાળાના આધુનિકીકરણમાં ભાવેશભાઈ શીરોલાવાલાના યોગદાનની પણ પ્રશંસા કરવામાં આવી હતી.

### સહપરિવાર સાથે ખેડૂતો ખેતરોમાં જોતરાયા

## નસવાડી તાલુકામાં ખેતરોમાં નિંદામણની કામગીરી તેજ

(પ્રતિનિધિ) નસવાડી, તા.18

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાં ચોમાસાની ઋતુ દરમિયાન થયેલા સારા વરસાદના પગલે ખેડૂતોએ મકાઈ, તુવર, કપાસ સહિત વિવિધ પાકોની વાવણી કરી હતી. હવે પાકનું મોલ (અંકુરણ) સારી રીતે ઉગી નીકળતાં ખેતરોમાં સાથે સાથે નીંદણ અને નાનું ઘાસ પણ મોટા પ્રમાણમાં ઉગી આવ્યું છે. જેના કારણે હાલ સમગ્ર તાલુકામાં ખેડૂતો ખેતરોમાં નિંદામણની કામગીરીમાં વ્યસ્ત બન્યા છે. નસવાડી તાલુકામાં આશરે 210 ગામો આવેલા છે અને આ વિસ્તાર મુખ્યત્વે આદિવાસી વસ્તી ધરાવતો તાલુકો છે. અહીંના મોટાભાગના લોકોનું જીવનનિર્વાહ ખેતી પર આધારિત

છે. ચોમાસાની શરૂઆત સાથે જ ખેડૂતોએ મકાઈ, તુવર, કપાસ સહિતના પાકોની વાવણી પૂર્ણ કરી હતી. સમયસર વરસાદ મળતા પાકનો વિકાસ સારો જોવા મળી રહ્યો છે, પરંતુ સાથે જ ખેતરોમાં નીંદણનું પ્રમાણ પણ વધતાં ખેડૂતો માટે તેની સફાઈ કરવી જરૂરી બની છે. હાલમાં વહેલી સવારથી જ ખેડૂતો પોતાના પરિવારના સભ્યો સાથે ખેતરોમાં પહોંચી નિંદામણની કામગીરીમાં લાગી જાય છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૬
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
+(GST)
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૬૦૦૦૧ ફેક્સ : ૨૫૬૦૦૦૦

નોકરી વિષયક

**સુરતના જાણીતા**
અને વિશ્વાસુ જ્વેલરને સેલ્સમેન/ સેલ્સગર્લ જોઈએ છે. અનુભવીને પ્રાથમિકતા લાયકાત ધરાવનાર ઉમેદવારને પગારનો કોઈ બાધ નથી. સવારે ૧૧ થી ૫ માં રૂબરૂ મળો. ખુશાલભાઈ જ્વેલર્સ, અંબિકાનિકેતન બસ સ્ટોપ સામે, પાર્લે પોઈન્ટ, સુરત. MO. 8160859341 (213)

**જોઈએ છે**
કોરલ ડ્રો અને ફોટોશોપનાં અનુભવી છોકરો/ છોકરી, ઘોડદોડ રોડ, સુરત, 9725008550, 9081165199

**જોઈએ છે**
કોમ્પ્યુટર સ્ટોર માટે ડિલિવરી બોય અને ઓફિસના કામ માટે મહિલા કર્મચારી (ટેલી ઓપરેટર) યશ્વી ઈન્ફોટેક (નાનપુરા)- 9824651603

**પ્લોટ ફાયદાથી વેચવાનો છે**
આત્મીયવિલા સોસાયટી, કામરેજ
Mo.9925024239

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**જોઈએ છે**
આર. એમ. ઓ. (લેડી) ગાયનેકના અનુભવીને પ્રેફરન્સ
સિસ્ટર - 2 એ.એન.એમ./જી.એન.એમ./અનુભવી
આયા માસી - 2
ભક્તિ હોસ્પિટલ, ઉધના ગામ સુરત.
9727711567

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**પાલમાં ઓફીસ તથા દુકાન વેચાણથી આપવાની છે.**
380ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, પહેલા માળે, ગેલેક્ષી સર્કલ પાસે
460ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, ગ્રાઉન્ડ ફ્લોર, નિસલ સર્કલ પાસે
9712979399

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**મંત્રધૂન**
હનુમાન ચાલીસા, ૩૪ મંત્ર મિક્સ ક્ષેત્રપાળ દાદાનો મંત્ર, રૂા ૨૫૦ પેમેન્ટ ગુગલપે. ફ્રી ડીલીવરી MO: 9998467964

**રેમન્ડ 3 પેન્ટપીસ**
માત્ર રૂ. 1500/- આલીશાન, ભવાનીવાડ, હરીપુરા, સુરત.

**ભાડેથી જગ્યા આપવાની છે**
રોડ નં.-2, સચીન GIDC,માં.
5000 સ્કે. ફીટ, ગ્રાઉન્ડ ફ્લોર, 5000 સ્કે. ફીટ, પહેલો માળ, ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીઝ અને ડિજીટલ પ્રિન્ટીંગ માટે પણ ઉપયોગી.
દલાલોએ તસ્દી લેવી
96241 07000

**લાઈફ હિંચકાના**
કડાં, અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ : 8460222292, 8460222282.

મિલ્કત વેચવાની છે

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. MO. 9687580001

**10x30 દુકાનો ભાડેથી આપવાની છે**
**90x110 ફુટનો શેડ ભાડેથી આપવાનો છે**
દલાલોએ તસ્દી લેવી
જય રાધે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ (સચીન)
96241 07000

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ : કાળા વ્યારા, કણજા Mo: 9687580001

**પ્લોટ વેચવાનો છે**
હીરાચંદનગર વિભાગ- 2 મુળદ, તા. ઓલપાડ પ્લોટ સાઈઝ- 30X40 કોર્નરનો 9898417899 (212)

**જહાંગીરપુરા**
સંકલ્પ રો હાઉસમાં ઘર વેચવાનું. 9601662923

**રો- હાઉસ વેચવાનુ**
G+1 નુ BHK 70 વાર ફક્ત 75.51 લાખમાં પોશ વિસ્તાર ગંગેશ્વર મંદિર નજીક અડાજણ 9898449824

**ફ્લેટ વેચવાનો છે**
2 BHK શાંતિદીપ રેસીડેન્સી પાલ મો. નંબર- 9663604477

**અડાજણમાં પોષ**
લોકેશનમાં મહીને બે લાખ આવક આપતી દુકાન વેચવાની 700 સુપર બીલ્ડઅપ 1.75 CR. 91576-22115

**વેચવાનો છે**
પેન્ટહાઉસ- ફ્લેટ, 3 B.H.K 2000 Sq.Ft. ફ્લેટ, અને બાજુમાં, 1200 Sq.Ft. ટેરેસ સાથે, ફુલ્લી ફર્નિશ્ડ, હોમલેન્ડ મોલની પાછળ, પીપલોદ M: 9898076797

**વેચવાનો છે**
600 વારનો પ્લોટ, માધવ નગર સોસાયટી, ભીમપોર, ડુમસ, Mobile: 9898076797

**વેચવાનું છે**
600 વારનો પ્લોટ, બાપુજીની વાડી સોસાયટી, સુલતાનાબાદ, ડુમસ, Mobile: 9898076797

**વેચવાની છે**
ઓફીસ, 983 SQ.FT. ફર્નિચર સાથે, 503, 504, ગોલ્ડન પોઈન્ટ, ફાલસાવાડીના નાકે રીંગરોડ સુરત. Mobile: 9825112599

મિલ્કત ભાડે -વેચાણ

**નાની ઓફિસ**
ભાડેથી - વેચાણથી આપવાની ઓનલાઈન/ કોસ્મેટિક સપ્લાય/ મોડલિંગ અન્ય ટ્રેડ હાઉસ, રિંગરોડ 9228207838

મિલ્કત ભાડેથી

**બામરોલી માં**
સાઈરામ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી એક માં ખાલી ઈન્ડસ્ટ્રીયલ સેડ ગ્રાઉન્ડ પ્લસ બે માળ ભાડે આપવાનું છે સંપર્ક 9978220346 કરો

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.